ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૬ | ૬ એપ્રિલ, ૨૦૨૦, સોમવાર; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિવડાથી દેશ ઝગમગી ઉઠયો

**દિવાળી જેવો માહોલ : દેશભરમાં લોકો રાત્રે નવ વાગે દિપ પ્રગટાવી બાલ્કનીમાં દેખાયા : ભારતીય કેપ્ટન કોહલી, અમિત શાહ તમામ કેન્દ્રીયમંત્રીઓ સહિતની તમામ મોટી હસ્તીઓ મોદી સાથે દેખાયા : ખતરનાક બનેલા કોરોનાને ખુલ્લો પડકાર**



નવીદિલ્હી, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ ઉપર આજે રાત્રે નવ વાગ્યાના ટકોરે દેશભરમાં દિવાળી જેવો માહોલ છવાઈ ગયો હતો. મોદીની દિપ પ્રગટાવવાની અપીલને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો તો અને દેશભરના તમામ ૧૩૦ લોકોએ પોતાના ઘરમાં દિપ પ્રગટાવી, મોબાઈલની ફ્લેશ લાઈટ જલાવી, ટોર્ચ જલાવીને કોરોનારુપી અંધકારને જોરદાર પડકાર ફેંક્યો હતો. તમામ લોકોની એકતાના દર્શન ફરી એકવાર થયા હતા. નવ વાગ્યાના ટકોરે ઘરમાં રહેલી તમામ લાઈટોને બંધ કરી લીધી હતી અને દિપ પ્રગટાવી દીધા હતા. લોકોએ ભારત માતા કી જયના નારા પણ લગાવ્યા હતા. ૨૧ દિવસનો લોકડાઉનનો ગાળો હાલમાં ચાલી રહ્યો છે. લોકો ઘરમાં કેદ છે ત્યારે આજે આ દિવાળી જેવો માહોલ રાત્રે છવાયો હતો. અત્રે નોંધનીય છે કે, મોદીએ સૌથી પહેલા કોરોના વાયરસના જોરદાર પ્રકોપ વચ્ચે જનતા કર્ફ્યુની જાહેરાત કરી હતી જેને લઈને લોકોએ કઠોરરીતે પાલન કરીને એકતાના દર્શન કરાવ્યા હતા. ત્યારબાદ મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કરીને ૨૧ દિવસ માટે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી હતી. લોકડાઉનની જાહેરાત થયા બાદથી દેશભરમાં લોકો કઠોર નિયમો પાળી રહ્યા છે. આવી સ્થિતિમાં તેમની અપીલ ઉપર આજે લોકો રાત્રે નવ વાગે નવ મિનિટ સુધી પોતપોતાના ઘરની લાઈટો બુઝાવી દીધી હતી. દેશે અને કેન્ડલ, દિપક, ટોર્ચ અથવા તો મોબાઈલની ફ્લેશ લાઈટ જલાવી હતી. હકીકતમાં મોદીએ વિતેલા દિવસોમાં જનતા કર્ફ્યુના દિવસે દેશવાસીઓને સાંજે પાંચ વાગે પાંચ મિનિટ સુધી કોરોનાની સામે જંગના હિરો પ્રત્યે સન્માન વ્યક્ત કરવા તાળી, થાળી વગાડવા માટે કહ્યું હતું.આજે દેશવાસીઓને કોરોનાની સામે જંગમાં એકતાના દર્શન કરાવવા અને કોરોનારુપી અંધકારને ભગાવવા મોદીએ કરેલી અપીલની અસર દેખાઈ હતી. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ પણ પોતાના ઘરમાં દિપ પ્રગટાવીને મોદીની અપીલને સમર્થન આપ્યું હતું. કેએલરાહુલ, હરભજનસિંહ સહિતની તમામ હસ્તીઓએ પણ મોદીની અપીલને સમર્થન આપ્યું હતું. જુદા જુદા

● અનુસંધાન પાના - ૭ પર

# તબલીગીના લીધે ચાર દિવસમાં બમણા કેસ

**તબલીગીના જલસાના લીધે કોરોનાના કેસોમાં ઝડપી વધારો થયો છે : તબલીગીનો મામલો ન રહ્યો હોત તો દેશમાં કોરોના ફેલાવવાનો દર ખુબ ઓછો રહ્યો હોત : લવ અગ્રવાલ**

નવીદિલ્હી, તા. ૫

દેશમાં કોરોના વાયરસના પરિણામ સ્વરુપે કેસોની સંખ્યામાં ઝડપથી વધારાનો દોર જારી રહ્યો છે. આરોગ્યમંત્રાલય દ્વારા આજે કબૂલાત કરવામાં આવી હતી કે, દેશમાં કોરોના વાયરસના છેલ્લા ૨૪ કલાકમાં ૪૭૨ કેસો સપાટી ઉપર આવ્યા છે. આ ગાળા દરમિયાન ૧૧ લોકોના મોત થયા છે. હજુ સુધી દેશમાં કોરોના વાયરસના પરિણામ સ્વરુપે અસરગ્રસ્તોની કુલ સંખ્યા ૩૩૭૪ જેટલી જણાવવામાં આવી છે. આમાથી ૨૬૭ જેટલા લોકો સ્વસ્થ થઈ ચુક્યા છે જ્યારે ૭૯ લોકો દમ તોડી ચુક્યા છે. આરોગ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલે ડેઈલી બ્રિફિંગમાં કહ્યું હતું કે, હજુ સુધી દેશના ૨૭૪ જિલ્લા કોરોના વાયરસના કારણે અસરગ્રસ્ત થઈ ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, તબલીગી જમાતનો મામલો ન રહ્યો હોત તો ભારતમાં



અસરગ્રસ્તોનો દર ખુબ નીચો રહ્યો હોત. અગ્રવાલે કહ્યું હતું કે, કોવિડ-૧૯ના મામલા વર્તમાનમાં સરેરાશ ૪.૧ દિવસમાં બે ગણા થયા છે. જો તબલીગી જમાતનો મામલો ન રહ્યો હોત તો બે ગણા કેસ થવામાં ૭.૪ દિવસનો સમય લાગ્યો હોત. ગૃહમંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી પુણિયા સલીલા શ્રીવાસ્તવે કહ્યું હતું કે, ૭૫ લાખ લોકોને ભોજન પહોંચાડવાની

● અનુસંધાન પાના - ૭ પર

| ક્યાં | વિશ્વ | ભારત | ગુજરાત | ગાંધીનગર |
|---|---|---|---|---|
| કેસ | ૧૨૪૫૩૨૯ | ૪૧૮૨ | ૧૨૮ | ૧૩ |
| મૃત્યુ | ૬૭૯૧૩ | ૧૧૮ | ૧૧ | ૦૦ |
| રિકવર | ૨૫૩૧૧૨ | ૩૧૭ | ૨૧ | ૨ |

# દુનિયાભરમાં ભારે હાહાકાર

**૨૦૬ દેશોમાં મોતનો આંકડો ૬૫૬૦૦થી વધુ : ગંભીર રીતે રહેલા દર્દીની સંખ્યા પણ ૪૪૦૦૦થી વધુ**

નવી દિલ્હી,તા. ૫

કોરોના વાયરસના લીધે દુનિયાભરમાં હાહાકારની સ્થિતિ



વચ્ચે છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ હજારોની સંખ્યામાં નવા કેસો સપાટી ઉપર આવ્યા છે અને હજારોની સંખ્યામાં જ લોકોના મોત પણ થયા છે. વિશ્વભરમાં કોરોનાથી મોતનો આંકડો વધીને ૬૫૬૦૦ સુધી પહોંચ્યો છે. ૪૪૬૩૩ લોકો હજુ પણ જીવન મરણ વચ્ચે છે જેથી મોતનો આંકડો ખુબ વધી શકે છે. કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા ૧૨૧૩૧૯૯ સુધી પહોંચી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે.

ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક બુંદ સમાન છે. કારણ કે વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં ખુબ વધારે છે.

## કોરોના વાયરસ સામે અમેરિકા બેબસ : ૮૪૦૦ લોકોના મોત

**અમેરિકામાં વાયરસથી સંક્રમિતોનો આંકડો ૩ લાખને પાર**

દુનિયાભરમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૧૨ લાખ થઈ ગઈ છે. ૬૪ હજાર ૬૯૧ લોકોના મોત થયા છે. ત્યાંજ ૨ લાખ ૪૬ હજાર દર્દીઓ સ્વસ્થ પણ થઈ ગયા છે. સૌથી વધારે પ્રભાવિત અમેરિકામાં અત્યાર સુધી ૮,૪૦૦ લોકોના મોત થઈ ગયા છે. અહિંયા સંક્રમણના ૩ લાખથી વધારે કેસ નોંધાયા છે. દેશમાં કોરોનાનું એપિસેન્ટર માનવામાં આવતા ન્યૂયોર્કમાં ૨૪ કલાકમાં ૬૩૦ લોકોના મોત થયા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે જણાવ્યું છે કે, આગામી બે અઠવાડિયામાં અનેક લોકોના મોત થઈ શકે છે.

કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસોમે શનિવારે જણાવ્યું કે, ૧૨ હજારથી વધુ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. શનિવારે વ્હાઈટ હાઉસમાં પ્રેસ બ્રીફિંગમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, શનિવારે દેશમાં લગભગ ૩૪ હજાર નવા કેસ સામે આવ્યા છે.

## સ્પેનમાં સ્થિતિ બેકાબૂ

**૨૪ કલાકમાં જ ૧,૨૨૦ના મોત**

મેડ્રીડ,તા. ૫

સ્પેનમાં પણ અમેરિકા જેવી જ હાલત બનેલી છે. અહીં પણ સ્થિતિ કાબૂ બહાર જતી રહી છે. દરરોજ હજારો લોકોના મોત થઈ રહ્યા છે અને હજારોની સંખ્યામાં નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. આરોગ્યની વ્યવસ્થા ખુબ સારી હોવા છતાં તંત્રના પગલા અપુરતા સાબિત થઈ રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ સ્પેનમાં દહેશત ફેલાવે તે રીતે ૧૨૨૦ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે નવા કેસોની સંખ્યા ૧૧૫૬૦ રહી છે. આની સાથે જ સ્પેનમાં મોતનો આંકડો વધીને ૧૨૪૧૮ સુધી પહોંચ્યો છે જ્યારે કેસોની સંખ્યા ૧૩૦૭૫૯ સુધી પહોંચી છે. છેલ્લા ૭૨ કલાકના ગાળામાં જ સ્પેનમાં ૩૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. આનો અર્થ એ થયો કે કે કોરોના ફેલાવાની ગતિ સ્પેનમાં હાલમાં સૌથી વધારે જોવા મળી રહી છે. મોત અને કેસોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે. સ્થિતી હાલમાં બેકાબુ બનેલી છે.

# મોદીની તમામ પૂર્વ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનની સાથે ચર્ચા

**૮મી એપ્રિલે ઓલ પાર્ટી મિટિંગ પહેલા પહેલ : પ્રણવ મુખર્જી, પ્રતિભા પાટીલ, મનમોહનસિંહ, દેવગૌડા, સોનિયા ગાંધી, મુલાયમ, અખિલેશ, સ્ટાલિન સાથે મંત્રણા**

નવી દિલ્હી, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોરોના સાથે જંગમાં તમામને સાથે લઈને ચાલવાની યોજના ધરાવે છે. આના ભાગરુપે અનેક રાજકીય પાર્ટીઓના નેતાઓ સાથે ૮મી એપ્રિલના દિવસે મહત્વપૂર્ણ બેઠક યોજનાર છે. હવે ઓલ ઈન્ડિયા મજલિસે ઈફતેબાદના ચીફ ઓવૈસીએ કહ્યું છે કે, તેમની પાર્ટીને આ મિટિંગમાં બોલાવવામાં આવ્યા નથી. તેમને નહીં બોલાવવાની બાબત હૈદરાબાદ અને ઔરંગાબાદમોં લોકોનું અપમાન છે. ઓવૈસીએ તર્ક આપતા કહ્યું છેકે, તેમની પાર્ટી આ બે લોક સભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે. આવી સ્થિતિમાં વિડિયો કોન્ફરન્સિંગથી થનારી મિટિંગ માટે આમંત્રણ નહીં આપવાની બાબત અપમાનજક છે. ઓવૈસીએ લખ્યું છે કે, આ ઔરંગાબાદ અને હૈદરાબાદના લોકોનું અપમાન છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના સામે લડાઈ કઈ રીતે લડવામાં આવે તેને લઈને પૂર્વ વડાપ્રધાન, રાષ્ટ્રપતિ સહિત સોનિયા ગાંધી અને મમતા બેનર્જી સાથે ફોન પર વાત કરી હતી. જુદા જુદા વિષયો પર ચર્ચા થઈ હતી. મોદીએ



તમામ જીવિત રહેલા પૂર્વ વડાપ્રધાન, પૂર્વ રાષ્ટ્રપતિને ફોન કરીને વાત કરી હતી. સોનિયા ગાંધી, મમતા બેનર્જી સહિત વિપક્ષના નેતાઓ સાથે પણ વાત કરી હતી. સરકાર શુ કરી રહી છે તે સંદર્ભમાં માહિતી આપી હતી. કોઈ સૂચન હોય તો આપવા માટે પણ કહેવામાં આવ્યું હતું. સૌથી પહેલા મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથે

● અનુસંધાન પાના - ૭ પર

# દેશના કોરોનાનો આતંક વધ્યો

**ભારતમાં ૩૦ રાજ્યોમાં કેસોની સંખ્યા ૪૧૮૨ : મોતનો આંકડો વધીને ૧૧૮ ઉપર પહોંચતા ચિંતા : કોરોનાની વિરુદ્ધ જંગ જીતી ચુકેલા લોકોની સંખ્યા વધીને ૩૧૭ થઈ : એક દિવસમાં કોરોનાના ૫૦૫ મામલા**

નવી દિલ્હી, તા.૫

વિશ્વમાં ભારે હાહાકાર મચાલી રહેલા કોરોના વાયરસના કારણે ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. ૩૦ રાજ્યોને પોતાના સકંજામાં લઈ ચુકેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો વધીને ૮૩ ઉપર પહોંચી ગયો છે. દિલ્હીમાં પણ કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. કેસોની સાથે સાથે મોતનો આંકડો પણ વધી રહ્યો છે. અનેક નવા કેસોની સાથે કેસોની સંખ્યા ૩૫૭૭ સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૫ નવા કેસો નોંધાયા છે. દિલ્હીમાં નવા કેસો ૫૮ નોંધાયા છે જે પૈકી ૧૯ મરકઝ સાથે સીધી અથવા પ્રત્યક્ષરીતે જોડાયેલા કેસ છે.

મોતના આંકડા અને કેસોની સંખ્યામાં હાલમાં વિરોધાભાસની સ્થિતી રહેલી છે. દેશમાં પણ લોકડાઉની સ્થિતી હોવા છતાં અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. જેના કારણે તમામ ચિંતાતુર છે. તેને અંકુશમાં લેવા માટે સફળતા મળી રહી નથી. એક્ટિવ કેસોની સંખ્યા પણ બે હજારથી ઉપર રહેલી છે. મહારાષ્ટ્ર , કર્ણાટક, કેરળ, રાજસ્થાન, તમિળનાડુ, ગુજરાતમાં કેસોની સંખ્યા વધારે રહેલી છે. કેટલાક હોટ સ્પોટ કેન્દ્રો પણ જાહેર કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસની અસર થયા બાદ સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા વધીને ૨૩૦ સુધી પહોંચી ગઈ છે. યુદ્ધના ધોરણે તમામ પગલા દેશમાં લેવામાં આવી રહ્યા છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વડાપ્રધાન મોદી સતત એક્શનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે.

## છેલ્લે... છેલ્લે...

- દીવડા પ્રગટાવવાના પ્રધાનમંત્રીના એલાનના પગલે દેશભરમાં નામી-અનામી અનેક આગેવાનોએ અને આમ જનતાએ દીપ પ્રગટાવ્યા હતા. જેમાં અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર, વિરાટ કોહલી, મુકેશ અંબાણી, રતન ટાટા સહિત સૌ સેલિબ્રિટી જોડાયા હતા.
- રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના સંતો-મહંતોની સાથે વિડીયો સંવાદ કર્યો હતો. જેમાં મોરારિબાપુ, રમેશભાઈ ઓઝા, મહંત સ્વામી વિગેરેનો સમાવેશ થાય છે.
- સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજે રાતથી વાહનોની અવર-જવર પર પ્રતિબંધ લગાવાયો છે.
- રાજયમાં જાહેરનામા ભંગના ગુનાની સંખ્યા આજે ૧૩૯૮ નોંધાઈ છે. જ્યારે ૩૪૨૦ની અટકાયત કરાઈ છે અને ૮,૭૧૮ વાહનો જપ્ત કરાયા છે.
- જામનગરના ૧૪ માસના બાળકને કોરોના પોઝિટીવ નોંધાતા ભારે ચર્ચા જાગી છે. તેની કે તેના માતા-પિતાની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી.
- દેશમાં સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૭૪૮ |
| તામિલનાડુ | ૫૭૧ |
| દિલ્હી | ૫૦૩ |
| કેરાલા | ૩૧૪ |
| ઉત્તરપ્રદેશ | ૨૭૮ |
| તેલંગાણા | ૨૭૨ |
| રાજસ્થાન | ૨૫૪ |
| આંધ્રપ્રદેશ | ૨૫૨ |

- રાજ્યના આરોગ્ય વિભાગ સહિતના પોલીસકર્મીઓ અને વિવિધ આવશ્યક સેવા સાથે જોડાયેલા કર્મચારીઓને ૨૫ લાખનું કવચ રાજ્ય સરકાર આપશે.